# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ
### પ્રશ્નપત્ર-૨

સમય : બપોરે ૨ થી ૫ | રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮ | કુલ ગુણ : ૧૦૦

(વિભાગ:૧ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ', ચતુર્થ આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૦૭ના આધારે)

પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

**૧. કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ :** ૧. પ્રયાગમાં પાંડુરંગ શાસ્ત્રીજીએ યોજેલા 'તીર્થરાજ મિલન'માં સૌરાષ્ટ્રના વાવડીના ત્રણ હરિભક્તોને પોતાની પાસેનો નાસ્તો આપી દીધો. ૬૧

૨. લંડનમાં ચંદુભાઈને પડોશમાં રહેતા સ્ટ્રીંજરની સંભાળ રાખવા ભલામણ કરી. ૬૨

૩. ઉત્તર પ્રદેશના યુવક માટે મુંબઈના ડૉક્ટરોને નોકરીએ રાખવા કરેલી ભલામણ. ૬૨

૪. ઈ.સ. ૧૯૮૮માં વિદેશ યાત્રાએ જતાં પહેલાં રાત્રે ૧૧:૩૦ વાગે ત્રિગુણભાઈ ભટ્ટને લખેલો પત્ર. ૬૩

૫. સેવા લખાવનાર હરિભક્તોની આવકની વિગત પૂછીને જ સેવા લખાવવા દેતા. ૬૪

૬. સામેની વ્યક્તિની લાગણીની કદી ઉપેક્ષા ન કરતા. સાબરકાંઠામાં ભરબપોરે નગરયાત્રામાં ગયા. ૬૪

૭. નવસારીમાં ભરવાડણ બાઈની ભાવના ઠાકોરજીના દર્શન કરાવી પૂરી કરી - ધારીમાં સંડાસ નજીકની અંધારી ચાલી, અસ્વચ્છ પગથિયા, હવાની હેરફેર વગરના દાદરા પર પંદર મિનિટ બેસી હરિભક્તોને આપેલો સંતોષ - સૌરાષ્ટ્રના એક હરિભક્તને ઘંટી પર પાલો બાજરો દળી આપ્યો - હરિભક્તની લાગણી અને માગણી સાચવી લેવા પીરસેલા ભોજન થાળને ઠેલીને ફરીથી તેના ઘેર પધરામણીએ - બાળકની લાગણીને પણ સાચવી પોતે તેનું કીર્તન સાંભળવાને બદલે વાતો કરવા માટે સોરી કહ્યું. ૬૫-૬૬

૮. અપરાધી પ્રત્યે પૂર્વગ્રહ સેવ્યા વગર અન્ય સંપ્રદાયના સંતોને ઉદારતાપૂર્વક કરેલી સહાય. ૬૭

૯. ઝેર આપવાનો પ્રયત્ન કરનાર સંતની અંત સુધી રાખેલી દેખભાળ. ૬૭

**૨. પ્રમુખસ્વામી મહારાજનું અપ્રતિમ સર્જન - અક્ષરધામ :**

૧. ઈ.સ. ૧૯૮૩માં સંતોનો સ્વામીશ્રીને પ્રશ્ન આપના કોઈ વિશિષ્ટ સંકલ્પ ખરા ? સ્વામીનો પ્રત્યુત્તર 'અક્ષરધામ' ૧,૬૦,૦૦૦ ઘનફૂટ પથ્થર, ૮૦,૦૦,૦૦૦ માનવ કલાકોનો પરિશ્રમ, અષ્ટકોણ શિખર, ૧૦૮ ફૂટ ઊંચી, ૧૩૧ ફૂટ પહોળી, ૨૪૦ ફૂટ લાંબી ભવ્ય ઈમારત, ઉત્તરાભિમુખ સ્મારક. ૧૫૯

૨. હર્ષદભાઈ ચાવડાનો અનુભવ - સ્મારક ભવન અને પ્રદર્શન ખંડો વચ્ચે પરિક્રમાનું આયોજન - પ્રવેશદ્વારના સ્થાન વિષે આર્કિટેક્ટને સ્વામીશ્રીએ આપેલો અભિપ્રાય. ૧૬૦-૧૬૧

૩. સમયપાલનનો આગ્રહ - કારીગરો અને મિસ્ત્રીઓ પર આશીર્વાદની વર્ષા ૧૬૧-૧૬૨

૪. અક્ષરધામ જોવા કતારમાં ઊભેલા મુરબ્બીનો અભિપ્રાય 'અક્ષરધામ કાયમી છે એ વાત ખરી પણ હું કાયમી નથી ને !' ૧૬૨

**૩. હરિભક્તો માટે ન રાત ન દિવસ :** ૧. પૂર્વભૂમિકા ૬૮

૨. મણીભાઈ સલાડવાળાનો અક્ષરવાસ - મોરબીથી ઠીકરિયા - શરીરનાં દર્દોને ગણકાર્યા વગર વિચરણ અને પધરામણી - નિર્જળા એકાદશી ૧૦૨ ડિગ્રી તાવમાં ૧૨૨ પધરામણી - કાળઝાળ ગરમીમાં અશક્તિ છતાં સાબરકાંઠાનું વિચરણ. ૬૯-૭૦

૩. બોસ્ટનમાં આપણું જે થવાનું હોય તે થાય હરિભક્તોને રાજી રાખવા - ડભાણથી પાછા પીપલગ રાત્રે ૧૨ વાગ્યા સુધી પધરામણી - ફિલાડેલ્ફિયામાં આખી રાત પધરામણી - સાબરકાંઠામાં ૨૭ દિવસમાં ૮૭ ગામો, સુરતમાં ૨૦ દિવસમાં ૯૦ ગામો. ૭૦

૪. સંસ્થાના પ્રમુખ તરીકેની કોઈ સવલતો સ્વીકારતા નહિ. ૭૧-૭૨

૫. કડી પારાયણનો પ્રસંગ - વરસતા વરસાદમાં કડી, બુડાસણમાં પધરામણી. ૭૨-૭૩

**પ્ર.૨ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે ઓછામાં ઓછા પાંચ પ્રસંગો હોવા જરૂરી છે.**

**૧. નિષ્કામધર્મના મેરુ સમા સ્વામીશ્રી :** ૧. નિષ્કામી વર્તમાન સૌથી મહત્વનું - ઈશ્વર પેટલીકરનો મત - સ્વામીશ્રીનો ધરાર ઈન્કાર પંચ વર્તમાનએ આપણી શોભા - સ્વામીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય ગઢપુરમાં નાની બાળકીનો અજાણતા સ્પર્શ - વસ્ત્ર સહિત સ્નાન - નિર્જળા ઉપવાસ ૭૬-૭૭

૨. દાદર પુલ પરથી પસાર થતાં - અજાણતા પોતાનું વસ્ત્ર સ્ત્રીને અડી ગયું છે તેવી શંકા - છતાં નિર્જળા ઉપવાસ - મોતિયાના ઓપરેશનમાં સ્ત્રી-નર્સ સ્પર્શ ન કરે. પુરુષ નર્સ તથા પુરુષ ડૉક્ટર દ્વારા જ સારવારનો આગ્રહ - સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કાર નથી - મહિલા હરિભક્તોની ભક્તિની સરાહના - છતાં મહારાજના આપેલ નિયમનું સારધાર અણીશુદ્ધ પાલન. ૭૮ થી ૭૯

**૨. સ્વામીશ્રીની બાળપ્રતિભા :** ૧. હનુમાનમઢીના બાવા હરિદાસ પાસે જ્ઞાનની તરસ છીપાવવા જતા. ૨

૨. પાદરા ભણવા જતાં, બીજાની અનુકૂળતા-પ્રતિકૂળતાનો વધારે વિચાર - શીતળામાંથી રસી નીકળતી છતાં ઉંકારો પણ ન કરતા. ૪

૩. ક્રિકેટનાં સાધનો ખરીદવા જવાને બદલે સાધુ થવા જવાનું થયું. છતાં હસતે મુખે વિદાય લીધી. ૬,૭

૪. તું વિદ્વાન થાય, શાસ્ત્રી થાય એવો ખરેખરો હોંશિયાર છે. - શાસ્ત્રીજી મહારાજ ૮

૫. અસાધારણ ઘટનાની સાધારણ પ્રતિક્રિયા ૧૧

૬. શાંતિલાલની ગૃહાભિમુખતાની ચકાસણી સંજોગો. ૧૫

**૩. આનંદમય બ્રહ્મ સ્વામીશ્રી :** ૧. પૂર્વભૂમિકા ૧૧૬

૨. આ તો ગમે ત્યારે ગમે તે ગમ્મત કરીએ વાંધો ન આવે : બ્રહ્મવિહારી સ્વામીના પ્રશ્નનો જવાબ ૧૧૭

૩. સંતો સાથે છૂક.....છૂક ગાડીનો પ્રસંગ ૧૧૭

૪. 'વોકિંગનો સમય પૂરો થયો' - બ્રહ્મપ્રકાશ સ્વામીને ઠેકીને નીકળી ગયા. ૧૧૮

૫. રયા ગઢવી, ભલુ આવી ? જગન પૂરો, ભરવાડની હવા ખાવાની વાત, પટલાણીએ ઘરેણાં અને પટેલે ઘોડી ખોઈ. પ્રવચનને હળવું, રસભર્યું અને આનંદમય બનાવે છે. ૧૧૯

**૪. સ્વામીશ્રીએ કરેલ પરિવર્તનગાથા :** ૧. ઓદરકાના રામસંગ બાપુ. ૧૭૧

૨. તળાજાના રિશુભા ૧૭૨

૩. ક્રોધી શિક્ષકને 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ કરવાની આજ્ઞા આપી ક્રોધ નાબુદ કર્યો. ૧૭૨-૧૭૩

૪. જ્ઞાન-ધ્યાનની ગોળીથી વ્યસનીના વ્યસનની નાબૂદી. ૧૭૩

૫. હેરોઈનની ચુંગાલમાં ફસાયેલા અમદાવાદના યુવકને સારંગપુર મંદિરમાં રાખી વ્યસન છોડાવ્યું. ૧૭૪-૧૭૫

૬. ઓદરકા અને કુકડ ગામના રહેવાસીઓના અપૈયા છોડાવી સંપ કરાવ્યો. ૧૭૫

**(વિભાગ : ૨ 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃતિ, માર્ચ, ૨૦૦૬ ના આધારે)**

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. વરતાલની છાવણી :**

૧. વરતાલમાં સાડા ચાર મહિના સત્સંગી જીવનની કથા કરાવવાનો રઘુવીરજી મહારાજનો સંકલ્પ ૧/૩૫૯

૨. કથાનો પ્રારંભ તથા વક્તાઓ ૧/૩૬૮

૩. હજુ ગુરુ જ ક્યાં કર્યા છે? - કેટલાક સાધુ અને હરિભક્તોનો ગોમતી કાંઠે ઠરાવ ૧/૩૬૯

૪. રઘુવીરજી મહારાજને શ્રીજી મહારાજના સ્વપ્નમાં દર્શન - શુકમુનિએ માંગેલી માફી ૧/૩૭૦

૫. ગ.મ. ૨૨ પ્રમાણે પંચવિષયનું ખંડન - અનંત બ્રહ્માંડના દેવતાઓ દ્વારા સ્વામીશ્રીનું પૂજન - પાળિયાદના ભાણજી પંડ્યાને દિવ્ય દર્શન - સ્વાતિ બિંદુની જેમ પ્રાગજી ભક્તે ઝીલેલી વાતો ૧/૩૭૧

૬. જાદવજી મિસ્ત્રીને સમાધિ ૧/૩૭૨થી૩૭૪

૭. આચાર્યશ્રીને મેડે કથાવાર્તાનો રિવાજ ૧/૩૭૪-૩૭૫

૮. આચાર્યશ્રીને મેડે ગ.મ.૯ નું વાચન ૧/૩૭૫

૯. શુકમુનિના સમજણ પર આચાર્ય મહારાજનો માર્મિક પ્રશ્ન - ચંપાના ત્રણ ફૂલ ૧/૩૭૬
૧૦. હરિલીલાકલ્પતરુ ગ્રંથ રચવાની અચિંત્યાનંદ બ્રહ્મચારીને આજ્ઞા ૧/૩૭૭
૧૧. જેટલા દિવસ સ્વામી રહેશે એટલા દિવસ ઊંઘવું નથી.-રઘુવીરજી મહારાજ ૧/૩૭૯
૧૨. ગ.પ્ર.૭૧ પ્રમાણે અક્ષરધામ તે કોને સમજવા? - 'અક્ષર કોણ'નો ઉત્તર કરવા રઘુવીરજી મહારાજની સ્વામીશ્રીને વિનંતિ - સભામાં તો ઉત્તર જેમ થાતો હોય તેમ થાય. ૧/૩૮૧
૧૩. અક્ષરના પ્રાગટ્યની શ્રીજી મહારાજે વચનામૃતમાં કરેલી સ્પષ્ટ વાતો ગ.પ્ર.૨૧,૬૨.ગ.મ.૪૨, લો.૧૮ ૧/૩૮૨
૧૪. કથાવાર્તામાં મોટા મોટા સદ્‌ગુરુઓ દ્વારા સ્વામીની વાતોનું પ્રમાણ ૧/૩૮૩

**૨. ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિના ઘડવૈયા ગુણાતીતાનંદ સ્વામી :**

૧. ગોરવીઆની ગામના ભાયા અને રૂડો તથા તેના ભાણિયા ૧/૨૧૩-૨૧૪
૨. બેચરભાઇ જૈન પદનો ત્યાગ કરી સત્સંગી બને છે. ૧/૨૨૨
૩. હામાપરના કરસન બાંભણિયા ૧/૨૨૩
૪. માણાવદરના નવાબની પ્રાર્થના ૧/૨૨૫
૫. આખાના સવજી મહેતા સત્સંગી થાય છે. ૧/૨૩૦
૬. લાલાભાઇને ઇન્દ્રે દર્શન દીધા. ૧/૨૭૮
૭. દરબાર અભયસિંહ - દેહાચારણ ૧/૨૮૭-૨૮૮
૮. વંથળીના કલ્યાણભાઇ ૧/૨૯૭
૯. મૂંજા સુરુનું પરિવર્તન ૧/૩૦૫
૧૦. વાલેરા વરુની અડગ ટેક ૧/૩૧૨
૧૧. મારે એક જીવ હતો એ સ્વામીમાં જોડ્યો છે. ૧/૩૨૯
૧૨. ભજન કરતાં ક્રિયા કરો. ૧/૩૪૨
૧૩. જાગા ભક્તને વચનામૃતોનો અધિકાર ૧/૩૪૭-૩૪૮
૧૪. કૌવૈયાના રાધા ભક્ત ૧/૩૮૮થી ૩૮૯
૧૫. બાપુ રતનજી સ્વામીના સમાગમમાં. ૧/૩૯૧
૧૬ જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહી. ૧/૪૦૨
૧૭. ચાર હરિભક્તોના દર્શન કરવા જાઉં. ૧/૪૦૬
૧૮. સાક્ષાત્ શ્રીજીમહારાજનું દર્શન પણ આ ફૂલમાં આવી ગયું. ૧/૪૨૦
૧૯. બ્રહ્મવિદ્યાના ભણનારા ૧/૪૫૦
૨૦. બાપુ ! આહીં બેઠા લોધિકાનું કામ નહિ થાય. ૧/૪૮૩
૨૧. બેચર બગત ૧/૪૮૭
૨૨. બગલીઓ બળદ ૧/૫૦૩
૨૩. તું જમપુરી ખોટી જાણી આજ્ઞા લોપે છે. ૧/૫૧૪-૫૧૫
૨૪. સૂરજ ફરે પણ હું ન ફરું ૨/૨૯૯

**૩. હરિભક્તોના સાચા સુહૃદ્ ગુણાતીતાનંદ સ્વામી :**

૧. બુરાનપુરના દાદા દીવાન અને તેની સ્ત્રીની યમદૂતો થકી રક્ષા. ૧/૧૩૫
૨. ભાડેર ગામની સીમમાં હિમ નહિ પડે. ૧/૨૨૨
૩. કબા વાણિયાને ગોલોકમાં મોકલ્યો. ૧/૨૪૪
૪. મીઠા ઠક્કરનો ક્ષય રોગ મટાડ્યો. ૧/૨૪૭
૫. ઘોઘલાના શિવશંકરની રક્ષા. ૧/૨૫૧
૬. મેઘપરવાસીઓનું ઘણા વરસોનું દુઃખ ટાળ્યું. ૧/૨૭૨
૭. ઉપલેટા તણાતું બચી ગયું. ૧/૨૭૯
૮. મારવાડના દેહાચારણને દીક્ષા અપાવી ૧/૨૮૯
૯. હાટીના માળિયાના બાબુનો વ્યવહાર સ્વામીશ્રીએ સુધાર્યો. ૧/૨૯૨
૧૦. નથુભટ્ટ પાસે વ્યવહાર પ્રમાણે સેવા કરાવી. ૧/૩૨૬
૧૧. ઉપલેટાના લાલાભાઇ ઇન્દ્રના ઐરાવત પર ભાદર ઊતરે છે. ૧/૩૪૯

૧૨. સમૈયામાં પલળીને આવેલા હરિભક્તોને વસ્ત્રો અને જમવાની વ્યવસ્થા કરી. ૧/૩૫૦
૧૩. સ્વામીશ્રીના સંકલ્પે સરકારે હથિયાર બંધીનો કાયદો કરી સૌના હથિયાર ઝૂંટવી લીધાં.
(અખોદરાના રાઘવજીનું ચોરોએ માથું કાપતાં.) ૧/૩૫૬
૧૪. કોઈ એનું માથું કાપશે તો પણ પાછું સંધાઈ જશે.(હીરા રામાણીના દીકરા ઠાકરસીને આશીર્વાદ.) ૧/૪૦૦
૧૫. હરિભક્તોના દુઃખે દુઃખી થવું - સંતોને ઉપદેશ. ૧/૪૦૮
૧૬. ડુંગરના શેઠની લાજ રાખી - કન્યાના લગ્નનું નક્કી થયું. ૧/૪૨૨
૧૭. ઓણ સાલ રૂનો વેપાર કરશો નહિ - પંચાળાના ગોવિંદભાઈ ને બળેજના મોરારભાઈને. ૧/૪૨૪
૧૮. કઠણ દેશકાળમાં વસોના વાઘજીભાઈની રક્ષા. ૧/૪૨૯
૧૯. 'બળેલું વણ ખોદશો નહિ.' વંથળીના અરજણભાઈ ને ઉપલેટાના લાલાભાઈને સંદેશો. ૧/૪૩૦
૨૦. જાળીયાના અરજણ બાબરિયાનું કરજ આળસ્યું. ૧/૪૩૯
૨૧. ઊનાના વલ્લભજી શેઠના દીકરા મોતીચંદને સાજા થવાના આશીર્વાદ. ૧/૪૪૧,૪૪૨
૨૨. ઉપલેટાના લાલાભાઈ દ્વારા વરસાદ. ૧/૪૬૧
૨૩. વાલજીને પરણાવીશ મા. ૧/૪૬૨
૨૪. 'આ તો કાચું સોનું પાકે તેવી જમીન છે.' - થાણાગાલોલના જસા ગોરને ૧/૪૭૧
૨૫. નાના ગોરખવાળાના હરિભક્તોના દેશકાળ સારા થાય તેવા આશીર્વાદ. ૧/૪૭૫
૨૬. ચાનગઢના મેપાભાઈ ચોડવડિયાની વિનંતીથી ખારું પાણી મીઠું કર્યું. ૧/૪૭૫,૪૭૬
૨૭. વરતાલ જતાં મારગમાં મહુવાવાળા શામજીની રક્ષા. ૧/૪૭૬,૪૭૭
૨૮. મેવાસાના હરજીવન વ્યાસની રક્ષા. ૧/૪૮૦
૨૯. ધોલેરાના ઠક્કર રણછોડભાઈની કાળચક્રથી રક્ષા. ૧/૪૯૩
૩૦. કોળીની કામઠીના મારથી બ્રાહ્મણ હરિભકત લોહીલુહાણ થતાં 'કામઠી ન હોય તો સારું' તેવો સંકલ્પ કર્યો. ૧/૫૦૧
૩૧. માણાવદરના હંસરાજ પટેલને ઉપદેશ. ૧/૫૦૫
૩૨. પ્રભુદાસ બારોટના દીકરાને જીવતો કર્યો. ૧/૫૨૯
૩૩. કલાભાઈનું કરજ ચૂકવવાની તૈયારી ૧/૫૨૩
૩૪. ચુડવા ગામના ખવાસને જમના મારથી મૂકાવ્યો. ૧/૫૩૨
૩૫. માવા-મુસાની પેઢી. ૧/૫૪૭
૩૬. ઠાકોરજી અને સાધુઓ જમાડી, કડીયા ગામના ભીમજીભાઈને પાપ મુક્ત કર્યા. ૨/૩૧૧
૩૭. પવિત્રાનંદ સ્વામી થકી ત્રિકમદાસની રક્ષા.'સ્વામી તો માવતર છે માટે એમણે જે કર્યું તે ઠીક
જ કર્યું હશે. ભગવત્પ્રસાદજી મહારાજ. ૨/૩૨૨
૩૮. રાજુલામાં પ્રેમજીની સરપ થકી રક્ષા. ૨/૩૨૩

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

૧. **અજાતશત્રુ ગુણાતીતાનંદ સ્વામી :** ૧. ઊગાખુમાણને ઘેર દીકરો થાય તેવો સંકલ્પ. ૧/૧૦૬
૨. અહીં તો મૂર્તિમાન સિદ્ધેશ્વર પધરાવીશું એટલે બધા નાગરો માથા ઘસવા અહીં આવશે - ઈર્ષાળુ નાગરોને ૧/૧૬૪
૩. વરતાલમાં સ્વામીશ્રીનું અપમાન કરાવવામાં મોટો ભાગ ભજવનાર શુક સ્વામીના સાધુ હરિસ્વરૂપદાસને
સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો. ૨/૨૮૫
૪. સ્વામીશ્રી વરતાલમાં આવે ત્યારે કોઈએ સભામાંથી ઊઠીને દોડાદોડી કરવી નહિ. ઊઠીને પગે લાગવું નહિ
તેવો પવિત્રાનંદ સ્વામીએ કરેલો પ્રબંધ - સ્વામી આવ્યાના સમાચાર મળતાં જ સૌ દોડી ગયા. શુક સ્વામીએ
સ્વામીશ્રીને કહ્યું 'સ્વામી ! આ ફેરે બહુ ઐશ્વર્ય વાપર્યું. !'' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું :

માનવ જાણે હું કરું કરતાલ બીજો કોઈ;
આદર્યા અધૂરાં રહે, હરિ કરે સો હોઈ' શુક સ્વામીએ માંગેલી માફી ૨/૩૩૫

૫. સભામાં ગોપાળદાદાએ સ્વામીશ્રીનું અપમાન કર્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'કોઈ અમને ભગવાન કહેશો નહિ.
કહેશે તે ગધેડો લેખાશે. ભગવાન તો સહજાનંદ સ્વામી છે પણ શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે આજે
તમારી સમક્ષ વાતો કરે છે. ૨/૩૩૬

૬. ગોપાળદાદાએ માફી માગી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું તમે અમારું અપમાન કર્યું જ નથી. અમને તેનો કોઈ ઉચાટ નથી - શુક સ્વામીએ સ્વામીશ્રીને બહારવાળાનો પ્રસંગ રાખશો નહિ તેવું કહ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'આની કાણ તો કે'દી મટી જ નહીં.' શુક સ્વામીએ માંગેલી માફી ૨/૩૩૭

**૨. શ્રીજીમહારાજે સાકરબાને કહેલો મૂળજીનો મહિમા :**

૧. અમારી સાથે તેની મૂર્તિ મંદિરમાં સ્થપાશે. ૧/૫૨

૨. અક્ષર જન્મોત્સવની મહારાજે કરેલી ઉજવણી. ૧/૫૩

૩. મૂળજી ભક્તને ઘેર ભાદરાના ભક્તો સાથે મહારાજ વહેલા જમવા પધાર્યા. ૧/૫૩

૪. સાકરબા અને મહારાજ વચ્ચે મૂળજી ભક્ત સંબંધી વાતો. ૧/૫૪

૫. અમારું હેત તો બહુ જૂનું છે મા ! ૧/૫૫

૬. મહારાજે કહેલી મૂળજીની મોટપ(અનંત બ્રહ્માંડોને ધરી રહ્યા છે. સર્વે ઈશ્વરના પણ ઈશ્વર છે.) ૧/૫૬

૭. મૂળજીનો મહિમા સમજાશે ત્યારે જ મારો મહિમા સમજી શકશો. ૧/૫૭

૮. દસ દસ ગણી મોટપ તેનાથી અનંતગણા પર અક્ષર છે. ૧/૫૮

૯. પોતાના પરમ ભક્તના મહિમાનું ગાન તે મહારાજને મન પરા ભક્તિ હતી. ૧/૫૮

૧૦. સર્વથી પર એ અક્ષરબ્રહ્મ ભક્તજનોને પ્રાપ્ય, અભયરૂપ અને સંસાર સિંધુને તારે છે.-ભાદરાના ભક્તોને ૧/૫૯

૧૧. જેમણે મન જીત્યું છે. સદા પવિત્ર છે. તેજ તે અક્ષરબ્રહ્મને પામે છે. ૧/૬૦,૬૧

૧૨. મૂળજી ભક્ત સૌને આશ્રય કરવા યોગ્ય છે. ૧/૬૨

**૩. વાલેરા વરુનું પરિવર્તન :**

૧. ગરાસની ઉપજ ન મળતાં વાલેરા વરુ બહારવટે ચડી વસતિને રંજાડવા લાગ્યો. ૧/૩૦૭

૨. વાલેરાની વિતક સમજી સાત દિવસમાં ગરાસ પાછો મળશે તેવા આર્શીવાદ આપ્યા. ૧/૩૦૯

૩. મારો ગરાસ મળે પછી તમને મારે કયાં ગોતવા? ૧/૩૧૦

૪. ગરાસ મળતાં માનતા રૂપિયા બે હજાર લઇ વાલેરા વરુ અને સાથીદારો જૂનાગઢ સ્વામી પાસે - 'સ્વામી તમારુ ઘર બતાવો'. વાલેરાને સમાધિ - ભાગમાં મળેલા ગરાસમાં પાણીની તંગી સ્વામીશ્રીએ દૂર કરી - કૃપાનંદ સ્વામી અને સંતોને મામૈયા વરુએ જમાડયા એ પુણ્યથી વાલેરાને સ્વામીનો જોગ - તુલસીશ્યામમાં અપાતું માપુ વાલેરા આપતા ન હતા - તમે બહુ દંડ કરશો તો મને નાતબારો કરશો - અડગ વાલેરા. ૧/૩૧૧

**૪. કથાવાર્તાના ઈસ્કી ગુણાતીતાનંદ સ્વામી :**

**કથાવાર્તા સાંભળવાના ઈશ્કી :-** મહારાજના દર્શન કે કથામૃતનો એકપણ પ્રસંગ જવા દેતા નહિ - 'આપના દર્શન કરવાં અને વાતો સાંભળવી તેમાંજ સંપૂર્ણ શાંતિ અને આરામ મળે છે.'- મહારાજે આરામ કરવાનું કહ્યું ત્યારે દેહના આરામની સ્વામીએ ના પાડી - 'આ સાધુ તો બહુ સમર્થ છે તેમનું સામર્થ્ય અનાદિનું છે.' - મહારાજ મુક્તાનંદ સ્વામી પ્રત્યે કહે છે. ૧/૭૭-૭૮

**કથાવાર્તા કરવાના ઈશ્કી :-**

૧. ગઢડામાં મહારાજે પૂછેલા ચાર પ્રશ્નોના ઉત્તરમાંથી સ્વામીએ નિશ્ચય કરી લીધો કે 'વાતો જ કરવી, સોપો પડવા દેવો જ નહિ. ૧/૯૯

૨. કૃપાનંદ સ્વામીના મંડળમાં વિરા શેલડીયાના દીકરા લક્ષ્મણને કહ્યું રોજ એક પ્રશ્ન પૂછવો. ૧/૧૪૮

૩. પીઠવાજાળ ગામનો ખીમો ડોબરીયો એકવાર સંતોને તેડી ગયો. ત્યાં પણ મોડે રાત સુધી કથાવાર્તા - ખેડૂતો જોડે ચાલતાં ચાલતાં કથા કરી. ૧/૧૫૦

૪. નિત્યાનંદ સ્વામી કહે, 'ઠીક મંડ્યા છો. કેટલા બળથી ઉપદેશ કરે છે.' ૧/૨૯૫

૫. સ્વામીના કથાવાર્તાના ઈશકથી રઘુવીરજી મહારાજ પણ રાજી. ૧/૩૫૯

**(વિભાગ: ૩ નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૫ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય : સેવા**

**૧.** બોચાસણવાસી શ્રીઅક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ જગતમાં અનેરી છાપ ઊભી કરનાર સંસ્થા - આ

સંસ્થા અનેરી એટલે કે નિરાળી કારણ સંસ્થાએ તેની સ્થાપનાના સો વર્ષ પૂરા કરી શતાબ્દી ઉજવીને વિકાસની મંજિલ તરફ ઝડપી આગેકૂચ કરી રહી છે. **૨.** આ સંસ્થાના પાયામાં તેમજ પ્રગતિના શિખરો સર કરવામાં અનેક પરિબળો - તેમાંનું એક અગત્યનું પરિબળ સેવા - સેવાના ઇશ્કી ઇષ્ટદેવ શ્રીજીમહારાજ સ્વયં - તેમના પગલે અક્ષરબ્રહ્મ તેમજ ગુરુપરંપરા - આ સર્વે સેવાના ભેખધારી તેમના પગલે સંતો, હરિભક્તો, કાર્યકરો પણ - સેવામાં ટૂકટૂક (પ્રસંગો) **૩.** સેવા તને કરીને એટલે દેહથી - યોગીજી મહારાજ સેવાનું મૂર્તિમાન સ્વરૂપ - દેહનો સંપૂર્ણ અનાદર સેવા માટે - ત્રણે અવસ્થામાં સેવા જ મુખ્ય - સેવાના જ વિચારો (પ્રસંગો) **૪.** ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજમાં પણ સેવાની અદમ્ય ઝંખના દેહે કરીને ગજા બહારની સેવા સાથે સાથે મને કરીને પોતાના ઇષ્ટદેવ તેમજ અક્ષરબ્રહ્મને નિર્દોષ જાણ્યા - અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખાવીને મને કરીને સેવાનો આદર્શ સ્થાપી દીધો - મંદિરો - શુદ્ધ ઉપાસનાના સમજાવીને અક્ષરની વાટ વહેતી કરીને વચનની સેવાનો આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું - મોટા પુરુષને નિર્દોષ જાણીને સેવા કરી - પ્રસંગો. **૫.** વર્તમાનકાળે સ્વામીશ્રી પ્રમુખસ્વામી મહારાજે પણ સેવાની આહ્લેક જગાવી. તન-મનથી સેવા. સંસ્થા માટે, ઇષ્ટદેવ માટે, ગુરુ માટે, શું ન થાય ? હું શું કરી નાખું એવી ભાવનાની પરાકાષ્ટા - અવિરત વિચરણ દેહે કરીને સેવા ભીડો - સંતો હરિભક્તો માટે રાત-દિવસ જોયા વગર વિચરણ - સેવામાં ગળાડૂબ નહિ પણ નખથી શિખા પર્યંત સેવામાં ડૂબેલ છે. બાથરૂમ-સંડાસ સાફ કરવા, દાતણની ચીરીઓ ઉપાડવા જેવી નીચામાં નીચી સેવા પણ ગુરુ પદના ઉચ્ચ શિખર પર હોવા છતાં ખચકાટ વગર કરવી એ B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય ગુરુ દ્વારા થતી સેવા (અન્ય પ્રસંગો) **૬.** જેના ગુરુ આ રીતે વર્તે તેમના શિષ્યો પણ તેમના જેમ જ વર્તે - સ્વામીશ્રીની ગુરુની આજ્ઞા થતાં નાની મોટી દરેક પ્રકારની સેવામાં સંતો, હરિભક્તો, કાર્યકરો કટિબદ્ધ. હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરી સમૈયા શોભાવ્યા, સંતોએ દેહે કરીને, મને કરીને સેવા કરીને ગુરુનો પડતો બોલ ઝીલીને, અદ્ધર વચન ઝીલીને સંસ્થાનું નામ રોશન કર્યું. આમ, સેવાથી જ સંસ્થા - આ જ world best પ્રગતિનું રહસ્ય. **૭.** ઉપસંહાર

૨. **આદર્શ સત્સંગીઓના ઘડવૈયા : પ્રમુખસ્વામી મહારાજ**

**૧.** સત્સંગી એટલે જે ધર્મ-નિયમ પાળે, સત્સંગના માર્ગે ચાલે, સત્પુરુષ અને સત્શાસ્ત્રનો સંગ કરે તે સત્સંગી. **૨.** સત્સંગીઓમાં પણ આદર્શ સત્સંગીઓ - આ સત્સંગીઓ આદર્શનું બિરૂદ કઈ રીતે પામ્યા ? પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુના સંગથી, પ્રસંગથી, તેમને સેવવાથી (પ્રસંગો) **૩.** સ્વામીશ્રીએ કેવા કેવાનાં હૃદય પરિવર્તન કરી આદર્શ સત્સંગી બનાવ્યા (પ્રસંગો) **૪.** ધર્મ-નિયમમાં દૃઢ, પૂજા ન કરી હોય તો જળ પણ ન લે તેવા ચુસ્ત નિયમધારી હરિભક્તો - (પ્રસંગો) તપમાં, વ્રતમાં શુરાપૂરા હરિભક્તો, ગુરુના સ્વાસ્થયને અર્થે નિર્જળા ઉપવાસ કરતા, એકટાણાં, ધારણાં - પારણાં, માળા, મંત્રજાપ કરતા આબાલવૃદ્ધ હરિભક્તો એ આદર્શ હરિભક્તો (પ્રસંગો) **૫.** ઉપાસનામાં શુરવીર, સર્વોપરી નિષ્ઠા, દૃઢ આશરો, શરણાગતિ, એક જ ઇષ્ટદેવ અને એક જ ગુણાતીત ગુરુ, બીજો આશરો જ નહિ, અનન્ય આશરાવાળા દૃઢ સત્સંગીઓ - પ્રસંગો **૬.** જેમ ગુણાતીતાનંદ સ્વામી માનવ ઘડવૈયા તેવા જ ગુણાતીત ગુરુ પ્રમુખસ્વામી મહારાજ આદર્શ સત્સંગીઓના ઘડવૈયા - વિષય - વ્યસન, વહેમમાં લેશમાત્ર લેવાય નહિ, લાલચ-લોભમાં લેવાય નહિ, પંચવર્તમાનમાં દૃઢ એવા સત્સંગીઓનું સ્વામીશ્રી દ્વારા ઘડતર (પ્રસંગો) **૭.** માટે જ આદર્શ સત્સંગીઓના ઘડવૈયા પ્રમુખસ્વામી મહારાજ - ઉપસંહાર

૩. **સત્સંગમાં ઉર્ધ્વગતિનું કારણ : ગુણગ્રાહક દૃષ્ટિ**

**૧.** ગુણગ્રાહક દૃષ્ટિનો અર્થ : કોઈપણ વ્યક્તિ કે જડ પદાર્થમાં રહેલ ગુણ ગ્રહણ કરવો. ગુણ લેવાની દૃષ્ટિ કેળવવી અને અવગુણનો ત્યાગ કરવાની દૃષ્ટિ એટલે ગુણગ્રાહક દૃષ્ટિ. **૨.** ગુણ ગ્રહણ કરવાથી થતા લાભ - અભાવ લેવાની, અવગુણ લેવાની ટેવ હોય તો અધોગતિને પામે - ઉન્નતિના શિખર પર પહોંચેલ વ્યક્તિ પણ અવગુણ લે તો પતનની ખીણમાં (પ્રસંગો) - પરંતુ જો ગુણ ગ્રહણ કરે, અભાવ ન લે - સાવ નિમ્ન કોટિની વ્યક્તિમાં પણ સારા ગુણો આવે. (પ્રસંગો) **૩.** ગુણગ્રાહક દૃષ્ટિ વિષે ઇષ્ટદેવનાં શ્રીમુખે કહેલ વિધાનો - અક્ષરબ્રહ્મથી લઈને ગુરુપરંપરાના મંતવ્યો - વિધાનો **૪.** સામાન્ય વ્યક્તિ પણ ગુણગ્રાહક દૃષ્ટિથી ઉર્ધ્વગતિ પામે તો સત્સંગમાં જેની ગુણગ્રાહક દૃષ્ટિ હોય તો ઉર્ધ્વગતિ થાય જ તે વિષે કોઈ શંકા જ નથી. યોગીજી મહારાજ કહે છે 'ગુણગ્રાહક દૃષ્ટિ જેની હોય તેનો સત્સંગમાં પાયો અચળ છે.' અને જેનો પાયો અચળ હોય તે સત્સંગી પણ ઉર્ધ્વગતિ પામે જ સાથે સાથે અવગુણ લેવાની દૃષ્ટિને ઝેર પીવાનો રસ્તો ગણાવાય છે. ઝેર પીવાથી તો મૃત્યુ જ થાય એટલે કે સત્સંગમાંથી પાછા પડી જવાય. **૫.** માટે જ ગુણગ્રાહક દૃષ્ટિ જ કેળવવી **૬.** ઉપસંહાર

❑ ❑ ❑